# સાત રાજ્યાની આર્થિક પેકેજ માટે માંગણી



નવી દિલ્હી,તા.૨૧

વિરોધ પક્ષોએ રાજ્યસભામાં આજે ભારે ધાંધલ ધમાલ મચાવી હતી અને બિહાર, ઓરિસ્સા અને ઉત્તરપ્રદેશ સહિતના સાત સૌથી પછાત રાજ્યો માટે ખાસ આર્થિક પેકેજની માંગ કરી હતી. ભારે ધાંધલ ધમાલનો દોર યથાવત રીતે જારી રહ્યો હતો. આ મુદ્દો ઉઠાવતા સમાજવાદી પાર્ટીના નેતા કિરણ મે નંદાએ કહ્યું હતું કે, કેન્દ્ર સરકાર સાત સૌથી પછાત રાજ્યોને નાણાંકીય પેકેજ આપવામાં નિષ્ફળ ગઈ છે.

રઘુરામ રાજન અહેવાલમાં ઓળખી કાઢવામાં આવેલા સાત સૌથી પછાત રાજ્યોને નાણાંકીય પેકેજ આપવામાં આવે તે અતિજરૂરી છે. ગયા વર્ષે સપ્ટેમ્બર મહિનામાં રાજન પેનલે સૌથી પછાતના મામલામાં અહેવાલ આપીને ખાસ પેકેજની માંગ કરી હતી. કયા રાજ્યોને ખાસ મદદની જરૂર છે તે અંગેની યાદી પણ તૈયાર કરવામાં આવી હતી. નવી મેથોડોલોજીમાં ઓરિસ્સાને ભારતના સૌથી પછાત રાજ્ય તરીકે ગણાવવામાં આવ્યા બાદ તેને સૌથી વધારે નાણાંકીય મદદની જરૂર હોવીની વાત કરાઈ હતી. બિહાર દ્વારા ખાસ દરજ્જાની માંગ કરવામાં આવી રહી છે. આ યાદીમાં બિહાર બીજા ક્રમાંક ઉપર છે. બિહાર બીજા સૌથી પછાત રાજ્ય તરીકે ગણવામાં આવે છે. આ કેટેગરીમાં રહેલા અન્ય રાજ્યોમાં ઓરિસ્સા, છત્તીસગઢ, પશ્ચિમ બંગાળ, ઝારખંડ અને ઉત્તરપ્રદેશનો સમાવેશ થાય છે. આ રાજ્યો માટે જંગી કેન્દ્રીય ફંડની ફાળવણીની માંગ કરવામાં આવી છે. નંદાએ રાજન પેનલના અહેવાલના આધાર ઉપર પગલા લેવા અપીલ કરી છે. સાથેસાથે સૌથી પછાત રાજ્યો માટે ખાસ આર્થિક પેકેજની જાહેરાતની માંગણી કરવામાં આવી છે. રવિશંકર પ્રસાદે કહ્યું હતું કે, નાણા પ્રધાન પી.ચિદમ્બરમ પટણાની મુલાકાત દરમિયાન ખાસ સહાયતાની ખાતરી આપી ચુક્યા છે. બસપના નેતા માયાવતીએ કહ્યું હતુંકે,વડાપ્રધાન મનમોહનસિંઘ સાત સૌથી પછાત રાજ્યો માટે પેકેજની જાહેરાત કરે તો જરૂરી છે. માયાવતીની કહેવું છે કે, રાજ્યની રચના મુદ્દે તે વખત સુધી મદદ મળશે નહીં જ્યાં સુધી ખાસ પેકેજ આપવામાં આવશે નહીં. માયાવતીનું કહેવું છે કે, કેન્દ્ર સરકાર આ મુદ્દાને રાજકીય રંગ આપી રહી છે.

**ઉત્તર પ્રદેશના સાત જિલ્લાઓમાં તપાસ થશે**

## મનરેગામાં ફંડ ઉચાપતમાં સીબીઆઈ ચકાસણી શરૂ થશે

નવી દિલ્હી,તા.૨૧

ઉત્તર પ્રદેશમાં ગ્રામીણ રોજગારી સ્કીમમાં સીબીઆઈ ટૂંક સમયમાં જ તપાસ હાથ ધરે તેવી શક્યતા છે જેના પરિણામ સ્વરૂપે ઘણા સંબંધિત અધિકારીઓની પણ પૂછપરછ કરવામાં આવે તેમ માનવામાં આવે છે. પ્રાપ્ત અહેવાલ મુજબ સીબીઆઈ મનરેગા હેઠળ ફંડની ઉચાપતના મામલાં તપાસ કરનાર છે. આને લઈને હાલમાં ઘણી બધી ફરિયાદો ઉઠી રહી છે. ઉત્તર પ્રદેશ ગ્રામીણ રોજગાર યોજનામાં સીબીઆઈ તપાસની માંગ ઉઠ્યા બાદ હવે સીબીઆઈ તપાસ હાથ ધરનાર છે. ઉત્તર પ્રદેશના સાત જિલ્લામાં મનરેગા હેઠળ ફંડની ઉચાપતમાં તપાસ હાથ ધરાશે. સીબીઆઈ વર્ષ ૨૦૦૭-૧૦ દરમિયાન સાત જિલ્લામાં રાજ્યમાં કેન્દ્રીય પ્રાયોગિક ગ્રામીણ રોજગાર યોજનાના અમલીકરણમાં સત્તાના દુરુપયોગ અને નાણાંકીય ગેરરીતિના મામલામાં તપાસ કરશે. અલ્હાબાદ હાઈકોર્ટને લખનૌઉ બેન્ચે સમગ્ર મામલામાં તપાસ કરવા સીબીઆઈને સૂચના આપી છે. સાત જિલ્લા બલરામપુર, ગોન્ડા,



માહોબા, સોનભદ્ર, સંતકબીરનગર, મિરઝાપુર અને કુશી નગર હેઠળ મનરેગા સ્કીમમાં સત્તાના દુરુપયોગ અને ફંડના ઉચાપતના મામલામાં તપાસ કરવા સીબીઆઈને કહેવામાં આવ્યું છે. જસ્ટીસ દેવીપ્રસાદસિંહ અને અશોકપાલસિંહની બનેલી બેન્ચ દ્વારા આ મુજબનો આદેશ કરાયો હતો. સચિદાનંદ ગુપ્તા દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી ઉપર સુનાવણી ચલાવતી વેળા આ મુજબનો આદેશ કરાયો હતો. બેન્ચે ત્રણ વર્ષ સુધી રાજ્યના અન્ય જિલ્લાઓના સંદર્ભમાં પ્રાથમિક તપાસ કરવા માટે પણ સીબીઆઈને કહેવામાં આવ્યું છે. નિયમિત તપાસને આગળ વધારવાની સાથે સાથે આ સ્કીમ હેઠળ કેન્દ્ર દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવતા ફંડના દુરુપયોગ અને ઊચાપતમાં હવે તપાસ ચાલશે. રાજ્ય સરકારને પણ મેન પાવર સહિત તમામ જરૂરી સહાયતા ઉપલબ્ધ કરાવવા રાજ્ય સરકારને સૂચના આપી છે. તપાસના સંદર્ભમાં સૂચના મળ્યાની તારીખથી એક મહિનાની અંદર તપાસ હાથ ધરાશે. અગાઉ સીબીઆઈ કેન્દ્રીય પ્રાયોગિક સ્કીમ રાષ્ટ્રીય ગ્રામીણ આરોગ્ય મિશનમાં પણ તપાસ કરી ચૂકી છે. એ વખતે તત્કાલીન બસપ પ્રધાન બાબુસિંહ કુશવા ઉપર ભ્રષ્ટાચાર અને લાન્ચના આક્ષેપો મૂકાયા હતા.

## અંબાણી સાથે સંબંધો અંગે ખુલાસો કરવા કેજરીવાલનો મોદીને પડકાર

નવી દિલ્હી,તા.૨૧

દિલ્હીના ભૂતપૂર્વ મુખ્યપ્રધાન અને આમ આદમી પાર્ટીના નેતા અરવિન્દ કેજરીવાલે ગુજરાતના મુખ્યપ્રધાન અને ભાજપના વડાપ્રધાનપદના ઉમેદવાર નરેન્દ્ર મોદીને પત્ર લખીને ગેસની કિંમત અંગે તેમનુ વલણ સ્પષ્ટ કરવા અપીલ કરી છે. સાથે સાથે ઉદ્યોગપતિ મુકેશ અંબાણી સાથેના તેમના સંબંધ અંગે ખુલાસો કરવા માટે પણ અપીલ કરવામાં આવી છે. લોકસભાની ચૂંટણી નજીક છે ત્યારે હવે દિલ્હીમાં તેમની સરકારનુ પતન થયા બાદ કેજરીવાલ લોકસભાની ચૂંટણીમાં લાભ ઉઠાવવા નવી વ્યુરચના પર લાગી ગયા છે. જેથી મોદીને ટાર્ગેટ બનાવવાની નિતી અપનાવી છે. રાષ્ટ્રીય પાટનગર દિલ્હીમાં એક પત્રકાર પરિષદમાં બોલતા અરવિન્દ કેજરીવાલે કહ્યું હતું કે આરઆઈએલના વડા મુકેશ અંબાણીને અગાઉ નક્કી કરવામાં આવેલી કિંમતો કરતા વધારે રકમ ચુકવવામાં આવી રહી છે. આ મામલે મોદીના મૌન સામે કેજરીવાલે પ્રશ્નો ઉઠાવ્યા હતા. જો ભાજપ સત્તામાં આવશે તો તેઓ ગેસની કિંમતમાં ઘટાડો કરશે કે કેમ તેઓ પ્રશ્ન કેજરીવાલે મોદીને કર્યો હતો. મિડિયા સામે વાંચવામાં આવેલા પત્રમાં કેજરીવાલે અનેક પ્રશ્ન કર્યા હતા. એક વડાપ્રધાનપદના ઉમેદવાર હોવાની સ્થિતીમાં પણ ગેસની કિંમત મામલે



મૌન પ્રશ્નો જગાવે છે. કેજરીવાલે ભાજપની સરકાર કેન્દ્રમાં બનશે તો તેમની સરકાર ગેસની કિંમતને પ્રતિ આઠ યુનિટથી ઘટાડીને ચાર યુનિટ કરશે કે કેમ તે અંગે પ્રશ્ન કર્યો હતો.

પત્રમાં કેજરીવાલે તેમની સરકાર દ્વારા મુકેશ અંબાણી સામે નોંધવામાં આવેલી એફઆઈઆર અંગે પણ વાત કરી છે. ગેસ કિંમતોના મુદ્દે તેમની સરકાર દ્વારા એફઆઈઆર દાખલ કરવામાં આવી હતી. ભાજપ અને કોંગ્રેસના ટોચના લોકો આ હિલચાલ અંગે મૌન કેમ છે તે તેવો પ્રશ્ન કેજરીવાલે કર્યો હતો. રાજ્યસભાના સભ્ય પરિમલ નાથવાણીને ભાજપના ટેકાનો ઉલ્લેખ કરતા કેજરીવાલે કહ્યું છે કે, મુકેશ અંબાણી સાથે ભાજપના સંબંધો અંગે લોકોના મનમાં આનાથી પ્રશ્નો ઉભા થાય છે. એએપીના નેતાએ કહ્યું હતું કે, મોદી અને રાહુલ ગાંધી ભારતમાં અને વિદેશમાં પ્રવાસ કરવા માટે હેલિકોપ્ટર અને ખાનગી વમાનોનો ઉપયોગ કરી રહ્યા છે. આ હેલિકોપ્ટરો અને ખાનગી વિમાનો કોના છે તેવો પ્રશ્ન પણ કેજરીવાલે કર્યો હતો. પત્રમાં કેજરીવાલે મફતમાં આ હેલિકોપ્ટરોનો ઉપયોગ કરાઈ રહ્યો છે કે પછી આના માટે નાણાની ચૂકવણી કરવામાં આવી રહી છે તે અંગે પણ ખુલાસો કરવા કહેવામાં આવ્યું છે. કેજરીવાલે કહ્યું છે કે, તેમની રેલીઓ ઉપર કરાઈ રહેલા ખર્ચ અંગે પણ માહિતી આપવી જોઈએ. સાથે સાથે આ ફંડના સોર્સ અંગે પણ માહિતી આપવી જોઈએ. અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, મુકેશ અંબાણી રેલીઓ માટે ફંડ આપી રહ્યા છે. આ બાબત સાચી છે કે કેમ તે અંગે મોદી વાત કરવી જોઈએ. ચૂંટણી ફંડ તરીકે મુકેશ અંબાણી પાસેથી આમ આદમી પાર્ટી એક પણ પૈસા લેશે નહીં. કેજરીવાલે કહ્યું હતું કે, યુપીએ સરકાર મુકેશ અંબાણી દ્વારા ચલાવવામાં આવી રહી છે. જો મોદી સત્તા ઉપર આવશે તો તેમની સરકારને પણ રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન ચલાવશે. દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રીએ ભાજપ અને કોંગ્રેસના ચૂંટણી ફંડના મામલે પણ પ્રશ્નો કર્યા હતા. કેજરીવાલ આવતીકાલે કોંગ્રેસના ઉપપ્રમુખ રાહુલ ગાંધીને પણ આવો જ પત્ર લખનાર છે. રાહુલ અંગે તેમણે કહ્યું છે કે, તેમના પરિવાર દ્વારા સરકાર ચલાવવામાં આવી રહી છે તે બાબત જાણીતી છે. આ મુદ્દે રાહુલ વાત કરે તેવી અમારી ઈચ્છા છે.

**સામાન્ય ચૂંટણી હોવાના કારણે નવી સમસ્યા**

## આઈપીએલને સલામતી આપવાની સ્થિતિ નથી : ગૃહમંત્રી શિંદે

નવી દિલ્હી,તા.૨૧

કેન્દ્રીય ગૃહપ્રધાન સુશીલકુમાર શિંદેએ આજે કહ્યું હતું કે સરકાર દેશમાં સામાન્ય ચૂંટણીના પરિણામ સ્વરૂપે ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ-૭) માટે પૂરતી સંખ્યામાં સુરક્ષા જવાનો ઉપલબ્ધ કરાવી શકશે નહીં. નવમી એપ્રિલથી ત્રીજી જૂન દરમિયાન સ્થાનિક ટી-૨૦ ચેમ્પિયનશીપનું આયોજન કરવામાં આવ્યું છે. હવે આની કેટલીક મેચો અન્યત્ર ખસેડવામાં આવે તેવી શક્યતા છે. પ્રાથમિક રીતે સુરક્ષા ચિંતાઓના પરિણામ સ્વરૂપે કેટલીક મેચો દક્ષિણ આફ્રિકામાં રમાડવામાં આવે તેવી શક્યતા છે. આઈપીએલના ચેરમેન રણજીબ બિસવાલનું કહેવું છે કે બીસીસીઆઈ અને



આઈપીએલ ગવર્નીંગ કાઉન્સીલની બેઠક મળનાર છે જેમાં ટુર્નામેન્ટ માટે સ્થળને આખરી ઓપ આપવામાં આવશે. બીસીસીઆઈના સેક્રેટરી સંજય પટેલે કહ્યું છે કે દક્ષિણ આફ્રિકા હવે મુખ્ય પસંદગીના સ્થળ તરીકે રહેશે. જો કે તેમને કહ્યું હતું કે ભારતમાં આ શ્રેણી યોજવાની તરફેણ મોટાભાગની ટીમ દ્વારા કરવામાં આવી રહી છે. આઈપીએલની મેચો ૨૦૦૯માં પણ સુરક્ષા પાસાંઓના પરિણામ સ્વરૂપે આફ્રિકામાં ખસેડવામાં આવી હતી. એ વખતે પણ સામાન્ય ચૂંટણીના કારણે આ સમસ્યા ઊભી થઈ હતી. એ વખતે લલિત મોદી આઈપીએલના કમીશનર તરીકે હતા. આફ્રિકામાં મેચો ખસેડવાની સ્થિતિમાં ૪૦ ટકાથી વધુ મહેસૂલી નુકસાન જુદી જુદી કંપનીઓને થઈ શકે છે. આઈપીએલની ટીમોમાં પણ ભારે ખળભળાટ મચી ગયો છે. ટીમોને આફ્રિકામાં ખસેડવા માટેનો ખર્ચ પણ વધી જશે. આવી સ્થિતિમાં આઈપીએલ ટીમોની સાથે સાથે ફ્રેન્ચાઈસીસમાં પણ બોજ રહે તેવી શક્યતા દેખાઈ રહી છે. પહેલાથી જ એવું માનવામાં આવી રહ્યું હતું કે આઈપીએલને પૂરતી સુરક્ષા આપી શકાશે નહીં. અને હવે આફ્રિકામાં મેચો રમવાની સ્થિતિમાં મહેસૂલી નુકસાન પણ થશે.

## વોટ્સ અપની સફળતામાં દિલ્હીના નિરજની ભૂમિકા

નવી દિલ્હી, તા.૨૧

સોસિયલ નેટવર્કિંગ સાઈટ ફેસબુકે યુવા પેઢીમાં ખૂબ જ લોકપ્રિય વોટ્સઅપને ખરીદી લેવાની જાહેરાત કરી છે પરંતુ આમા એક મહત્વપૂર્ણ બાબત એ પણ જોડાયેલી છે કે વોટ્સઅપની સફળતામાં આઈઆઈટી દિલ્હીના નિરજ અરોરાની પણ અતિ મહત્વપૂર્ણ ભૂમિકા રહેલી છે. વોટ્સઅપને લોકપ્રિયતા અપાવવામાં તેની ભૂમિકા છે. વોટ્સઅપના નિરજ અરોરાએ પોતાની અંગત વેબસાઈટ ઉપર લખ્યું છે કે તે કંપનીમાં બિઝનેસ સાથે જોડાયેલી તમામ ચીજો માટે જવાબદાર છે અને પોતાને સારી વ્યક્તિ ગણે છે ઈન્ડિયન સ્કૂલ ઓફ બિઝનેસ (આઈએસબી)થી મેનેજમેન્ટની ડિગ્રી લઈ ચૂકેલા અરોરાના મિત્ર અને બેચમેટ પણ આ બાબત સાથે સહમત છે.



આઈએસબીમાં અરોરાની સાથે ભણી ચૂકેલા અને ટ્રેનીંગ સોફ્ટવેર કંપની માઈન્ડ ટીકલના સહસ્થાપક મોહિત ગર્ગનું કહેવું છે કે ટાઈમ્સ ઈન્ટરનેટથી લઈને વોટ્સઅપ સુધી અરોરાની પાસે યોગ્ય સમયે તક ઓળખવાની ક્ષમતા રહેલી છે. ગર્ગનું કહેવું છે કે નિરજ અરોરા ખૂબ સારી રીતે જોડાયેલા છે. આના કારણે તેને આગળ વધવામાં મદદ મળી છે. અત્રે નોંધનીય છે કે વોટ્સઅપને ૧૯ અબજ ડૉલરની કિંમતમાં ફેસબુકે ખરીદી લેવાની હાલમાં જ જાહેરાત કરી છે. એવું પણ જાણવા મળી રહ્યું છે કે વોટ્સઅપમાં બિઝનેસ ડેવલોપમેન્ટસના ઉપપ્રમુખ અરોરાને પણ મોટી રકમ મળવાની શક્યતા છે. યાહુમાં પ્રોડક્ટ મેનેજમેન્ટના ડિરેક્ટર સમીક ચક્રવર્તીએ કહ્યું છે કે તેની કેરિયર હકીકતમાં ગૂગલથી આગળ પહોંચી હતી. જ્યાં તે સ્ટાર્ટઅપ લોન્ચ કરવા અને તેના ફન્ડીંગ અંગે વિચારી રહ્યો હતો. ચક્રવર્તી આઈએડીમાં સામેલ છે તથા વેન્ચર કેપીટલ કલબના પ્રમુખ છે. માઉન્ટેન વ્યૂહમાં પહંચ્યા બાદ અરોરાની ભૂમિકા ગૂગલ માટે સ્ટાર્ટઅપની શોધ કરવાની હતી. આ ગાળા દરમિયાન અરોરાને સિલીકોન વેલીમાં ઘણા બધા લોકોને મળવા અને જોડાવાની તક મળી હતી. અરોડા નવેમ્બર ૨૦૧૧માં વોટ્સઅપમાં સામેલ થયો હતો. એ વખતે કંપનીમાં આશરે ૧૦ ર્મચારી હતા અને આ કંપની સફળતા તરફ વધી રહી હતી. અરોરાને મુખ્ય રીતે ગૂગલમાં તેમના કોર્પોરેટ ડેવલોપમેન્ટ બેકગ્રાઉન્ડના આધારે લેવામાં આવ્યા હતા. વોટ્સઅપને ડાઉનલોડ કરવા પર યુઝરને એસએમએસ મળે છે અને ૪૫ કરોડ યુઝર્સનો મતલબ ૪૫ કરોડ એસએમએસ છે.

## તેલંગાણાના અર્થતંત્રમાં આઈટી, ફાર્મા સેક્ટરની ભૂમિકા હશે

નવી દિલ્હી,તા.૨૧

આંધ્રપ્રદેશના વિભાજન બાદ ઈન્ફોર્મેશન ટેકનોલોજી અને ફાર્મા મેન્યુફેક્ચરીંગ સેક્ટર તેલંગાણાના અર્થતંત્ર માટે કરોડરજ્જુ બને તેવી શક્યતા દેખાઈ રહી છે. આની સાથે જ તેલંગાણના અર્થતંત્રને લઈને ચર્ચા શરૂ થઈ ચુકી છે. તેલંગાણા રાજ્યમાં સમૃદ્ધિ લાવવામાં અન્ય ક્ષેત્રોની પણ મહત્વપૂર્ણ ભૂમિકા રહી શકે છે. આશરે ૧૦૦૦ કિલોમીટર લાંબી દરિયાઈ લાઈનની સાથે દરિયાકાંઠાના આંધ્રપ્રદેશમાં અતિ મહત્વપૂર્ણ બંદર આવેલા છે. જેમાં ક્રિષ્ણા પટ્ટનમ, કાકીનાડા અને ગંગાવરમનો સમાવેશ થાય છે. ઉપરાંત વિઝાગ બંદર પણ સામેલ છે.

લોકસત્તા પાર્ટીના રાષ્ટ્રીય પ્રમુખ અને ધારાસભ્ય જયપ્રકાશ નારાયણ દ્વારા જણાવવામાં આવ્યું છે કે, આંધ્રપ્રદેશના ભાગ તરીકે રાયસીમા પ્રદેશને વિભાજન થયા બાદ મહેસુલની દૃષ્ટિએ મોટો ફટકો પડશે.

હેદરાબાદ શહેર ૧૩ હજાર કરોડની મહેસુલી રકમ ધરાવે છે. આ વર્ષે સૂચિત પગાર સુધારાથી રાયલસીમાની ખાદ વધીને ૯૦૦૦ કરોડની થશે. પ્રદેશ પાસે સ્ટાફના પગારની ચુકવણી માટે પુરતા પ્રમાણમાં રકમ નહીં રહે તેમ માનવામાં આવે છે.

## સમાચાર ઝલક

- યુક્રેનમાં પ્રજાના દેખાવોમાં ૨૪નાં મોત.
- દિલ્હી વિધાનસભા વિસર્જન ન કરવા માટે કેજરીવાલે સુપ્રીમમાં અરજી દાખલ કરી.
- દિલ્હી વીજળી ભાવમાં રાહતની જાહેરાત કોર્ટનાં ચક્કરમાં અટવાઇ.
- ૧૫મી લોકસભા સત્રનો છેલ્લો દિવસ હતો હવે નવી લોકસભાના સભ્યો ચૂંટાશે.
- સુરતમાં ૩ લાખની ઠગાઇ કરવામાં આવી, વિદેશી ચલણ લેવાને બહાને રૂપિયા લઇ ગયો.
- સમગ્ર ભારતમાં ગુજરાતની માથાદીઠ આવક ૪૩% વધુ હોવાનું અનુમાન.
- એશિયા કપમાં વિરોટ કોહલી કેપ્ટનપદે રહેશે, ધોનીને ઇજાઓ થવાથી ક્રિકેટ નહિ રમે.
- આગ્રામાં પત્નીની હત્યા કરી પતિએ આત્મહત્યા કરી.
- આઇ.પી.એલ. મેચો અને ચૂંટણી સાથે હોવાથી સુરક્ષા બંદોબસ્ત આપવો મુશ્કેલ.
- રાજકોટમાં કેનેરા બેંકની ૮૦ લાખની ઉપાચતમાં બેંકને કર્મચારીની જ સંડોવણી નીકળી.
- મુંબઇમાં બિસ્કીટ ફેક્ટરીમાં ભીષણ આગ.
- ગોરખપુરમાં બાળકો ઉઠાવી જતી મહિલા ઝડપાઇ.
- કરાંચીમાં વિસ્ફોટકો ભરેલી ટ્રક પકડાઇ, અગાઉ શહેરમાં કેટલાય વિસ્ફોટ થયા હતા.
- શાહરૂખખાનની ફૂટબોલ ટીમ ખરીદવાની ઇચ્છા.
- એરટેલ કંપની વિશ્વમાં ચોથી મોટી ઢનાઢ્ય કંપની બની.
- બિહારમાં ૧લી માર્ચે બંધનું એલાન આપતું શાસક પક્ષ.
- પાકિસ્તાનની કોર્ટે પરવેઝ મુશરર્ફની અરજી ફગાવી.
- નવસારી પોલીસે દરિયાકિનારેથી ૧૫ બોટ વાયરલેસ પકડ્યા.
- વણીયાદ છાપરા ગામમાં ધોરણ-૧૧થી વધુ અભ્યાસ કોઇએ કર્યો નથી, જે અરવલ્લી જિલ્લામાં આવેલું ગામ છે.

## એએપી અરજી પર સોમવારે સુનાવણી કરવા નિર્ણય થયો

નવી દિલ્હી,તા. ૨૧

સુપ્રીમ કોર્ટે આમ આદમી પાર્ટીની દિલ્હી વિધાનસભાને ભંગ કરવાની માંગ કરતી અરજી પર સુનાવણી ચલાવવા સહમતી દર્શાવી છે. લોકસભાની ચૂંટણીની સાથે સાથે નવેસરથી રાજ્ય વિધાનસભાની ચૂંટણી કરવાની માંગ પણ અરજીમાં કરવામાં આવી છે. આમ આદમી પાર્ટીની અરજી પર સોમવારના દિવસે સુનાવણી હાથ ધરવામાં આવશે. મુખ્ય ન્યાયાધીશ પી. સદાશિવમના નેતૃત્વમાં પીઠે કહ્યું હતું કે તેઓ ૨૪મી ફેબ્રુઆરીના દિવસે સમગ્ર મામલામાં સુનાવણી કરશે. આમ આદમી પાર્ટી તરફથી રજૂ થયેલા વકીલ પ્રશાંત ભુષણે કહ્યું હતું કે દિલ્હીમાં કોઈ વૈકલ્પિક સરકારની કોઈ શક્યતા નથી. જેથી ઉપરાજ્યપાલે વિધાનસભાને વિખેરી નાંખીને નવેસરની ચૂંટણી યોજવા માટે તૈયારી દર્શાવવી જોઈએ. અખબારમાં પ્રકાશિત અહેવાલ અને જાહેર રીતે ઉપલબ્ધ દસ્તાવેજોના આધાર પર આમ આદમી પાર્ટી અને કેજરીવાલ કેબિનેટમાં પરિવહન પ્રધાન રહેલા સૌરભ ભારદ્વાજ દ્વારા દાખલ કરવામાં આવેલી સંયુક્ત અરજીમાં ઉપરાજ્યપાલ નજીબ જંગની ભલામણના આધારે દિલ્હીમાં રાષ્ટ્રપતિ શાસન લાગુ કરવાના નિર્ણયને પડકાર ફેંકવામાં આવ્યો છે. એવો આક્ષેપ કરવામાં આવ્યો છે કે કોંગ્રેસના નેતાઓ અને પૂર્વ મુખ્યપ્રદાન શીલા દિક્ષિતને ભ્રષ્ટાચારના આક્ષેપોમાંથી બચાવી લેવા માટે આ નિર્ણય કરવામાં આવ્યો છે. એવી દલીલ કરવામાં આવી છે કે ૧૬મી ફેબ્રુઆરીના દિવસે રાષ્ટ્રપતિ શાસન લાગુ કરવાનો મુખ્ય હેતુ ભ્રષ્ટાચાર સાથે જોડાયેલા મામલામાં કેટલાક લોકોને બચાવવાનો હતો.

આ મામલે અરવિન્દ કેજરીવાલ સરકારે એફઆઈઆર દાખલ કરી હતી. અરજીમાં દલીલ કરવામાં આવી છે કે દિલ્હીમાં વિધાનસભાને ભંગ નહી કરવાનો અને નવેસરથી ચૂંટણી નહી કરવાના નિર્ણય પાછળ ચોક્કસ લોકોને બચાવી લેવાનો છે. અરજીમાં એવી દલીલ પણ કરવામાં આવી છે કે દિલ્હીમાં રાષ્ટ્રપતિ શાસન લાગુ કરવાનો નિર્ણય ગેરકાયદે અને બંધારણની કલમ ૧૪ના ભંગ સમાન છે. કારણ કે અરવિન્દ કેજરીવાલ સરકારનુ પતન થયા બાદ ભાજપ અને કોંગ્રેસ સરકાર બનાવવાની સ્થિતીમાં નથી.

## દિલ્હીમાં બાકી વિજળીના બિલ માફી પર આખરે સ્ટે

નવી દિલ્હી,તા. ૨૧

દિલ્હી હાઈકોર્ટે આજે દિલ્હીના ભૂતપૂર્વ મુખ્યપ્રધાન અરવિન્દ કેજરીવાલના ૫૦ ટકા બાકી બિલને માફ કરવાના નિર્ણય પર સ્ટે મુકી દીધો હતો. કેજરીવાલે આ સ્કીમ હેઠળ ૨૪૦૦૦ લોકોના વિઝળી બિલમાં રાહત આપવાની



જાહેરાત કરી હતી. આ અગાઉ બુધવારે પણ દિલ્હીમાં હાઈકોર્ટે સરકારના નિર્ણય પર સ્ટે મુકીને સરકાર પાસેથી જવાબની માંગ કરી હતી. હાઈકોર્ટે વિજળી સબસિડી પર સ્ટે મુકીને સરકાર પાસેથી જવાબની માંગ કરી હતી. આ ઉપરાંત અરવિન્દ કેજરીવાલ પાસેથી સ્પષ્ટીકરણની માંગ કરવામાં આવી હતી. સબસિડીની જાહેરાત માત્ર એક ઘોષણા હતી કે કેમ તે અંગે કેજરીવાલને પ્રશ્ન કરવામાં આવ્યો છે.

## લોકસભા ચૂંટણી : આપની બીજી યાદી આજે જારી થશે

નવી દિલ્હી,તા. ૨૧

લોકસભાની ચૂંટણીને લઈને આમ આદમી પાર્ટી વધારે લડાયક દેખાઈ રહી છે. કારણ કે પ્રથમ યાદી હાલમાં જારી કરવામાં આવ્યા બાદ હવે બીજી યાદી આવતીકાલે જારી કરવામાં આવનાર છે. લોકસભાની ચૂટણી માટે ઉમેદવારોની બીજી યાદી માં ૩૦-૩૫ ઉમેદવારોના નામ જાહેર કરાય તેવી શક્યતા છે. આમ આદમી પાર્ટી લોકસભાની ચૂંટણી માટે ઉમેદવારોની યાદી જાહેર કરતી વેળા નવી વ્યુહરચના સાથે મેદાનમાં ઉતરી શકે છે. પંજાબના અમૃતસરમાં ભાજપના સાંસદ નવજોત સિદ્ધુની સામે ગાયક રબ્બી શેરગિલને મેદાનમાં ઉતારવામાં આવે તેવી શક્યતા છે. આ ઉપરાંત લખનૌમાંથી ભૂતપૂર્વ વડાપ્રધાન લાલ બહાદુર શાસ્ત્રીના પૌત્ર આદર્શ શાસ્ત્રીને આમ આદમી પાર્ટીના ઉમેદવાર બનાવાય તેવી શક્યતા છે.

દરમિયાન રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીના પૌત્ર રાજમોહન ગાંધીને આજે આમ આદમી પાર્ટીમાં સામેલ કરી લેવામાં આવ્યા હતા. તેમણે વાતચીત દરમિયાન કહ્યું હતું કે જે વિચારધારાને તમામ લોકોને ધ્યાન ખેંચ્યા છે તે વિચારધારાથી તેઓ પણ પ્રભાવિત થયા છે. ભ્રષ્ટાચારની સામે માહોલમાંથી આ પાર્ટી ઉભરી છે. તેમણે કહ્યું હતું કે એક વખતે કોંગ્રેસ આમ આદમીની પાર્ટી હતી પરંતુ હવે કેટલાક ખાસ લોકોની પાર્ટી બની ગઈ છે. ભાજપ અમીર લોકીન પાર્ટી છે. રાજમોહન ગાંધીએ કહ્યું હતું કે જો પાર્ટી ઈચ્છશે તો તેઓ ચોક્કસ ચૂંટણી લડશે.

## આકાશ મિસાઈલનું ફરીથી પરીક્ષણ થયું

બેલાસોર,તા.૨૧

ભારતે આજે બેલાસોર નજીક ચંડીપુર ખાતે ઈન્ટેગ્રેટેડ ટેસ્ટ રેન્જ લોન્ચ સંકુલથી ભૂમિથી આકાશમાં પ્રહાર કરવાની ક્ષમતા ધરાવનાર આકાશ મિસાઈલનું સફળ પરીક્ષણ કર્યું હતું. સ્વદેશી રીતે વિકસિત કરવામાં આવેલી આકાશ મિસાઈલ નિશ્ચિત કરવામાં આવેલા ટાર્ગેટ ઉપર ફરી હતી. સંરક્ષણ અધિકારીઓએ કહ્યું છેકે, આકાશ મિસાઈલ ૧૧.૩૦ વાગ્યાની આસપાસ લોન્ચ સંકુલ - ૩થી છોડવામાં આવી હતી. કેટલાક વધુ પરીક્ષણ આગામી દિવસોમાં કરવામાં આવનાર છે. ટ્રાયલ દરમિયાન આ મિસાઈલ યોગ્ય રીતે દિશામાં આગળ વધતા ઉપસ્થિત અધિકારીઓમાં સંતોષનું મોજુ ફરી વળ્યું હતું. ડીઆરડીઓ દ્વારા વિકસિત કરવામાં આવેલી આકાશ મધ્યમ રેન્જની ભૂમિથી હવામાં પ્રહાર કરતી ડિફેન્સ સિસ્ટમ છે. ઈન્ટેગ્રેટેડ ગાઈડેડ મિસાઈલ ડેવલપમેન્ટ પ્રોગ્રામના ભાગરૂપે ડીઆરડીઓ દ્વારા આ મિસાઈલ તૈયાર કરવામાં આવી છે. આ મિસાઈલ ૨૫ કિલોમીટર સુધી ત્રાટકવાની ક્ષમતા ધરાવે છે. સાથે સાથે ૬૦ કિલોગ્રામ વોરહેડને લઈને ત્રાટકવામાં આ મિસાઈલ સક્ષમ છે.